અદાણી ટાઉનશીપમાં ક્રેન નમી પડતા બે મજૂરના મોત

જોરદાર વાવાઝોડામાં આ અકસ્માત સર્જાયો હતો. જેમાં બે મજૂરો ચગદાઈ ગયા હતા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સરખેજ માર્ગ પર ખોરજ પુલ પાસે આવેલ અદાણી શાંતિ ગ્રામ ટાઉનશીપમાં ગત રોજ આવેલ વાવાઝોડા અને વરસાદને કારણે તોતીંગ ક્રેન નમી પડતા તેની નીચે દબાઈ જવાથી બે મજૂરના કરૂણ મોત નિપજયા હતા. આ સંદર્ભે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સમગ્ર રાજય સહીત પાટનગર ગાંધીનગરમાં પણ વરસાદ અને વાવાઝોડાને પગલે ભારે નુકશાન થવા પામ્યું છે ત્યારે શહેરની નજીક આવેલા દંતાલી ગામની સીમમાં આવેલા અદાણી શાંતિ ગ્રામ ટાઉન શીપમાં બે મજૂરના કરૂણ મોત નિપજયા હતા. આ ઘટનાની હકીકત એવી છે કે ગાંધીનગર સરખેજ માર્ગ પર ખોરજ ઓવરબ્રીજ પાસે અદાણી ગ્રુપ દ્વારા દંતાલી ગામની સીમમાં અદાણી શાંતિ ગ્રામ ટાઉનશીપ નાંખવામાં આવી છે. આ ટાઉનશીપમાં ધમધોકાર કામકાજ ચાલી રહ્યું છે. દરમિયાન ગત રોજ મોડી સાંજે આવેલા વાવાઝોડા અને વરસાદને પગલે ટાઉન શીપમાં મુકેલ મોટી તોતીંગ ક્રેન અચાનક જ નમી પડતા નીચે બેઠેલા બે ગરીબ મજૂરો ચગદાઈ ગયા હતા અને મોતને ભેટયા હતા. વરસાદ બંધ થતા ટાઉનશીપમાં રહેતા કેતનસિંહ ઝાલાને આ ઘટના અંગે માલુમ પડતા તેણે તુરંત અડાલજ પોલીસ મથકમાં જાણ કરી હતી આથી પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસ કરતા મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લા આનંદપુરી તાલુકાના રામલાલ માનસિંહ ગરાસીયા ઉ.વ.૩૦ અને કેતનબેન મણીલાલ પારઘી ઉ.વ.૨૦નું મોત થયું હોવાનું માલુમ પડયું હતું. આ સંદર્ભે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. બી.કે. વાઘેલા ચલાવી રહ્યા છે.



ગઈ કાલે આવેલ વાવાઝોડાને કારણે ઠેર ઠેર હોર્ડીંગ્સ અને થાંભલાને નુકસાન થયું હતું. સદનસીબે નગરમાં કોઈ મોટી જાનહાની થઈ ન હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

ચ-૫ વિસ્તારમાં ફરતી નીલગાય વાહનચાલકો માટે જોખમરૂપ બની શકે

ઝુંડમાંથી છુટી પડી ગયેલી જણાતી નીલગાયને વન ખાતુ સત્વરે વન્ય વિસ્તારમાં મૂકી આવે તો અકસ્માત ટળી શકે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તેની હરિયાળીના કારણે ખૂબ જ આકર્ષક નગર તરીકે વિખ્યાત છે, અહીં આવનાર મહેમાનો પણ નગરની વનરાજી જોઈને રાજી થઈ જાય છે. આ નગરમાં જે વ્યકિત થોડા સમય માટે રહેવા આવે તો પછી ફરી તેને આ નગર છોડીને જવાનું મન થતું નથી અને તે અહીં વસવાટ કરવાના પ્રયત્નો હાથ ધરે છે. પરંતુ ઘણીવાર ગાંધીનગરની આજ હરિયાળી નગરવાસીઓ માટે જોખમી પણ સાબિત થાય છે. અત્યારે છેલ્લા કેટલાક દિવસથી ચ-૫ થી છ-૫ વિસ્તારમાં ફરી રહેલ એક નીલ ગાય વાહનચાલકો માટે મોટી મુસીબત સર્જી શકે તેવી પરિસ્થિતિ પેદા થઈ છે.

શહેરમાં રસ્તાઓ પહોળા અને ઓછા ટ્રાફિકવાળા હોવાના કારણે વાહનચાલકો ઘણીવાર નિર્ભર થઈને તેમનું વાહન હાંકતા હોય છે. વળી ચ રોડ પર નવું અને જુનું સચિવાલય તેમજ જિલ્લા પંચાયત આવેલ હોઈ અનેક સરકારી કર્મચારીઓ તેમજ સરકારી કામોના લીધે કચેરીની મુલાકાતે આવતા અસંખ્ય મુલાકાતીઓ ચ રોડનો ખૂબ ઉપયોગ કરે છે. છેલ્લા કેટલાક દિવસથી એક નીલ ગાય ચ-૫ થી છ-૫ અને તેના આસપાસના વિસ્તારમાં ફરતી અને જયાં ઘાસ દેખાય ત્યાં ચરતી નજરે પડે છે. નીલગાય એ ખૂબ જ બિકણ અને ગભરું પ્રાણી હોય છે જે વારેવારે નાની નાની બાબતથી ભડકીને ભાગવા લાગે છે વળી તે શરીરે પણ ખૂબ જ સશકત હોય છે. તેની ઝપટમાં આવી જનારને ગંભીર ઈજાઓ પહોંચાડી શકે છે. તેમજ તેની અડફેટથી ફોર વ્હીલર્સ પણ ફંગોળાઈ શકે છે તો ટુ વ્હીલર્સની તો વાત જ શી કરવી?

નાનામાં નાના અવાજથી ભડકતી નીલગાયની અડફેટે આ વિસ્તારનાં રોડ પરથી પસાર થઈ રહેલ વાહન ચાલકોને અકસ્માત થવાની સંભાવના રહેલી છે. વળી રાત્રિના સમયે નીલગાય વાહનનો પ્રકાશ રસ્તા પર પડે ત્યારે પ્રકાશના આધારે રસ્તો ક્રોસ કરવા પ્રયત્ન કરે છે પણ જયારે વાહનચાલક હોર્ન વગાડે તો તે ભડકીને દોડવા લાગે છે. આથી આસપાસના બીજા વાહન ચાલકો માટે આફતરૂપ બની શકે છે. વનવિભાગ દ્વારા તાકીદે આ નીલ ગાયને શોધી તેને વન્ય વિસ્તારમાં મૂકી આવવામાં આવે તો વાહનચાલકો મોટા અકસ્માતમાંથી ઉગરી શકે છે. આમ તો મોટે ભાગે નીલગાય એ ઝુંડમાં ફરતું પ્રાણી છે પરંતુ કદાચ આ નીલગાય તેના ઝુંડમાંથી છુટી પડી ગઈ હોવાનું જણાય છે.

તોફાની વરસાદમાં પાણી ભરાવાને કારણે વાહનચાલકો ફસાયા

સમયસર ગટર સફાઈ ના થવાના કારણે રહેણાંકોમાં પણ ગટરના પાણી ઉભરાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં રવિવારે સાંજે અચાનક વરસી પડેલા મેઘ તાંડવના કારણે શહેરીજનોને ઠેર ઠેર મુશ્કેલીમાં મુકી દીધા હતા. શહેરમાં સમયસરની ગટરની સફાઈના અભાવે માર્ગો પર પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી અનેઅનેક રહેણાંકોના સંડાસ-બાથરૂમમાં ગટરના પાણીએ 'બેક' મારતા ગંદકીથી શહેરીજનો ત્રસ્ત થઈ ગયા હતા.

રવિવારની સમી સાંજે વાવાઝોડા અને બરફના કરા સાથે ત્રાટકેલા તોફાની વરસાદે નગરજનોને અનેક સમસ્યાઓમાં ઘેરી લીધા હતા. શહેરના ઘ-૬ થી લઈને પથિકાશ્રમ સુધીના ઘ-રોડ આસપાસના વિસ્તારમાં અનેક જગ્યાએ પાણી ભરાવાની અને વૃક્ષોની ડાળીઓ તુટી જવાની સમસ્યા સર્જાઈ હતી. અનેક વાહનચાલકો પાણીમાં ફસાઈ ગયા હતા. તો બીજી તરફ રહેણાંકના મકાનોમાં પણ સંડાસ બાથરૂમમાં ગટરના પાણી ઉભરાયા હતા જેથી ગંદકીની સમસ્યાનો પણ સામનો કરવો પડયો હતો. આ સમસ્યાના મૂળમાં તંત્ર દ્વારા ગટરની સફાઈમાં બેદરકારી હોવાનું જણાઈ આવ્યું હતું. અને સત્વરે આ સમસ્યાને ઉકેલી સમયસર ગટર સફાઈ થતી રહે તેવી રહેવાસીઓમાં માંગણી ઉઠવા પામી હતી.

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીનું કાર્યાલય આંધીની લપેટમાં

જોરદાર સુસવાટા મારતા પવન અને વાવાઝોડાથી સે. ૧૬માં આવેલ આપ પાર્ટીના કાર્યાલયનો મંડપ તુટી ભાંગ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં ગતરોજ સાંજના સુમારે આવેલા તોફાની વાવાઝોડા અને કરા સાથેના વરસાદથી શહેરીજનો સહિત રાજકીય પક્ષના કાર્યકરો પણ મુશ્કેલીમાં મુકાયા હતા. જ્યારે તોફાની વાવાઝોડા અને વરસાદમાં સે. ૧૬માં આવેલા આમ આદમી પાર્ટીના કાર્યાલયનો મંડપ ફંગોળાઈ તુટી ગયો હતો.

ગાંધીનગર શહેરમાં ગતરોજ આવેલા તોફાની વરસાદ અને વાવાઝોડાના લીધે જનજીવન પર ભારે અસર થઈ હતી. જેને લઈ શહેરીજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. તો ચૂંટણીના માહોલમાં રાજકીય પક્ષો દ્વારા લગાવેલા બેનરો તુટી પડ્યા હતા. જ્યારે આ વાવાઝોડામાં સેક્ટર-૧૬માં આવેલ 'આપ' પાર્ટીના કાર્યાલય આગળ લગાવેલો મંડપ પણ આંધી સાથે ફંગોળાઈ ગયો હતો. જો કે સવારે 'પાર્ટી'ના કાર્યકરોએ મંડપ ફરી લગાવવા ભારે જહેમત ઉઠાવી હતી. તો બીજી તરફ અનેક મંડપો, બેનરો સાથે વૃક્ષો ધરાશાઈ થઈ ગયા હતા. પરિણામે આજે શહેરના માર્ગો પર વૃક્ષોમાંથી ખરી પડેલા સુકા અને લીલા પત્તાને કારણે કારણે કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે.

ટ્રીમીંગના અભાવે અનેક વૃક્ષોની ડાળીઓ તુટી પડી

વૃક્ષોની સ્થિતિના અભ્યાસ માટે વીડીયો રેકોર્ડીંગ કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૧

કુદરતના અસલી મિજાજનો પરચો શહેરીજનોને રવિવાર સમી સાંજે થઈ ગયો. જો કે અગમચેતીનો અભાવ એ નુકસાનીમાં પરિવર્તિત થઈ ગયો છે. શહેરના મુખ્ય માર્ગો ઉપર ઘટાટોપ બનેલા વૃક્ષોનું સમયસર તંત્રએ ટ્રીમીંગ ન કરતા અનેક વૃક્ષો અને મોટી ડાળીઓ માર્ગો ઉપર ધરાશાયી થયેલી જોવા મળી. સદ્‌ભાગ્યે કોઈ અકસ્માત કે જાનહાની ટળી ગઈ હતી. પરંતુ હજુ પણ તંત્ર જાગૃત નહી થાય તો ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે.

હરીયાળા ગાંધીનગરની શાન ગણાતા લીલાછમ વૃક્ષો ઘટાટોપ બની પોતાની ડાળીઓથી નમી ગયેલા દેખાય છે. જેને તંત્ર દ્વારા સમયસર કાપ કુપ કરી યોગ્ય કરવા જોઈએ તે કરાતા નથી. ચોમાસાની ઋતુ પહેલા એક મહિનો કામગીરી કરી આખુ વર્ષ કંઈ જ ન કરવાની વૃત્તિ હાલમાં પ્રજાજનોને મુશ્કેલીમાં મુકી રહી છે. ગાંધીનગરના મુખ્ય માર્ગો ઉપર અસંખ્ય વૃક્ષોની સ્થિતિ સારી નથી છતાં સમયસર વૃક્ષોનું ટ્રીમીંગ થતુ નથી.

નમી પડેલી ડાળીઓ અને વૃક્ષો થકી મોટા અકસ્માતના સંજોગો ઉભા થઈશકે છે છતાં તંત્ર બેકાળજી દાખવી રહ્યું છે. શહેરના તમામ માર્ગો ઉપરના વૃક્ષોનું વિડિયો રેકોર્ડીંગ થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગર વિસ્તારમાં ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા ૧૦ હજાર વાહનો તપાસાયા

ગાંધીનગર, તા. ૨૧

૬- ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૭ વિદ્યાનસભા મત વિસ્તારમાં કાર્યરત ફલાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા ૨૦મી એપ્રિલ,૧૪ સુધીમાં કુલ-૧૪,૪૫૬ વાહનો ચેકીંગ કરવામાં આવ્યા છે. તેમજ સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા ૬૦૫૭ વ્યકિતઓની તપાસણી કરવામાં આવી છે.

ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૭ વિદ્યાનસભા મતદાર વિસ્તારમાં ફલાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટિક સર્વેલન્સની ટીમ કાર્યરત કરવામાં આવી છે.

ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા તા. ૨૦મી એપ્રિલ, ૨૦૧૪ સુધીમાં ૩૬-ગાંધીનગર વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૧૬૨૨, ૩૮-કલોલ વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૧૯૯૩, ૪૦- સાણંદ વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૯૪૬, ૪૧-ઘાટલોડિયા વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૧૦૩૪, ૪૨- વેજલપુર વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૬૧૪, ૪૫- નારણપુરા વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૮૪૭ અને ૫૫-સાબરમતી વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૩૨૨૪ વાહનોનું ચેકીંગ કરવામાં આવ્યું છે.

સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા તા. ૨૦મી એપ્રિલ, ૨૦૧૪ સુધીમાં ૩૬-ગાંધીનગર વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૮૨૨, ૩૮-કલોલ વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૭૨૨, ૪૦- સાણંદ વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૯૨૬, ૪૧-ઘાટલોડિયા વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૩૫૦, ૪૨- વેજલપુર વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૪૫૭, ૪૫- નારણપુરા વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૫૩૨ અને ૫૫-સાબરમતી વિદ્યાનસભા મતદાર વિભાગમાં ૩૬૭ વાહનોનું ચેકીંગ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત આ ટીમ દ્વારા ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં કુલ- ૬૦૫૭ વ્યકિતઓની તપાસ કરવામાં આવી છે.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારની બંને સચિવાલય કર્મચારીઓની બેઠક

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા જિલ્લા અને તાલુકા એકમોની રચના કરવામાં આવી છે. આ સંગઠન મજબૂત બનાવી પરસ્પર પરિચય વધે અને એકબીજાને મદદરૂપ થવાય તેવા ઉમદા આશયથી આ પરિવારના નવા સચિવાલયમાં અને જૂના સચિવાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓની બેઠક બોલાવવામાં આવી છે. નવા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓ માટે આ બેઠક તા. ૨૨મી એપ્રિલ મંગળવારે બપોરે ૧.૩૦ કલાકે વિધાનસભાની મુખ્ય કેન્ટીનમાં મળશે જયારે જુના સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓની બેઠક તા. ૨૩મી એપ્રિલ બુધવારે બપોરે ૨ કલાકે જુના સચિવાલયની કેન્ટીનમાં યોજાશે.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારની આ બેઠકમાં હાજર રહેવા બંને સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારી ભાઈ બહેનોને અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ માટે પરિવારના પ્રમુખ જશવંત ગાંધી, મહામંત્રી દિપક ગઢીયા સહિત ઉપપ્રમુખ પ્રકાશ લાલા અને જયેન્દ્ર પરીખે આમંત્રણ પાઠવેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮
સૂર્યાસ્ત : ૭.૦૦

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦,૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૩.૦૦, ૫.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૭.૦૦
: સ્ક્રીન-૪ :
મે તેરા હીરો : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
લકી કબુતર : ૪.૪૫ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦ ● મે તેરા હીરો : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૬.૩૦
લકી કલૂતર : ૪.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મે તેરા હીરો : ૯.૧૫, ૩.૦૦, ૧૦.૪૫
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૧૨.૦૦, ૩.૦૦
રીયા ૩-ડી (હિન્દી) : ૫.૪૫
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦
: સ્ક્રીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
દેખ તમાશા દેખ : ૧.૦૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ભતૂનાથ રિટર્ન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
મે તેરા હીરો : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
પોલીસ સ્ટોરી-૬ : ૧૦.૦૦, ૩.૦૦, ૧૦.૧૫
લકી કબુતર : ૧૨.૩૦, ૫.૩૦,
નમો સૌને ગમો (ગુજરાતી) : ૮.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે.

સિંહ : સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ આપશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે.

વૃશ્ચિક : નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારના ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી. તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે.

કુંભ : પ્રયત્નોમાં સફળતા મળશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી બની રહેશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. આવકના સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ચિરવિદાય

● સ્વ. નટવરલાલ સોમાભાઈ મકવાણા (ઉ.વ. ૬૫) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.